॥ हरिः ॥

॥ ॐ ॥

मुमुक्षु भजनावळी.

રચનાર,

મહાત્મા સ્વામી શ્રી સ્વયંપ્રકાશતીર્થ.
રાજનગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પરી ચીમનલાલ જેઠાલાલ.
માંડવીની પોળ-અમદાવાદ.

પ્રત ૨૦૦૦.—આવૃતિ ૧ લી.

સંવત ૧૯૭૧.—સને ૧૯૧૫.

કિમ્મત ૦-૧-૦.

અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યા વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં

શાહ ચુનીલાલ અમથાશાએ છાપી.

મુમુક્ષુ ભજનાવળી

॥ ॐ नमो भगवते गुरुदेवाय. ॥

ગરબો. ૧.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

જીજ્ઞાસુ જાણેરે જુગમાં આતમા,
મહાવાયક તમે મન વિચારો વીરજો;
જીવ શિવ તે જૂદા પડે માયા વડે,
સદા સદોદિત એક અખંડિત શિવજો. જીજ્ઞાસુ. ૧
પૃથ્વી જળ તેજરે વાયુ વ્યોમથી,
અસંગી રહ્યો પણ એજ વિષે દરશાયજો;
દૃષ્ટા તેજ દરશે સરવે દૃશ્યમાં,
દ્વૈત અદ્વૈત તે કાર્ય કારણે કહેવાયજો. જીજ્ઞાસુ. ૨

---

१ श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रन्थ कोटिभिः ।
ब्रह्म सत्य जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः ॥ १ ॥
श्री शंकर सिद्धान्त.

દોહા.

૨. સરવાતીત સબજા વિશે, સબ સમેત સબ શૂન્ય;
સ્વેસ્વરૂપ સ્ફૂરન ભયો, નાંહ અધિક નહિ ન્યૂન.
આખો.

કંચન ને ભૂષણુરે કશો છે અંતરો,
જલ તરંગનો ભાખ્યો છે કાંઇ ભેદજો;
ઘટ—તંતુ વત કરે ઉપાધિ વ્યોમમાં,
પામર પ્રાણી ક્ષણું ક્ષણું પામે ખેદજો. જીજ્ઞાસુ. ૩
રૂપ વિશે અરૂપી આતમરામ છે,
અરૂપ વિશે કાંઇ રૂપ રહ્યું અપારજો;
બ્રહ્મ વિશે બ્રહ્માંડની ઉત્પત્તી એમ છે,
જેમ બીજ થકી [illegible] વૃક્ષ તણો વિસ્તારજો. જીજ્ઞાસુ. ૪
મૂખ તણો આભાસરે મુકરમાં દેખાયે,
દરસ્યા માટે દ્વૈતપણું નવ થાયજો;
ચિદાભાસ ભાસેરે, જાહેર જીવ જગતમાં,
ભાસિક જાણે જીવ તે બ્રહ્મ સ્વરૂપ જો. જીજ્ઞાસુ. ૫

સાખાં.

૩. પટ તંતુ ન્યારો નહિ, જેમ હાટકને હાર;
સાગરથી સો ઉપજે, લહરી લોઢ અપાર.
મહાત્મા પ્રીતમદાસ.

૪. The law of evolution and involution is shown in these lines; બીજ અંકુર ન્યાય. The world is God evolved and God is the world involved. વ્યાપ સમાવોરે આપમાં, આપ આપમાં ગાળો;
અણુલિંગી લિંગ લય કરે, એમ આપજ ટાળો.
અખો.

५ मेरा पीयु मुजमांही प्रकाशी, ज्युं दर्पणमांहि मूख भासी;
मैं पीयुमांहि पीयु मुजमांहि, कंचन भूषण अंतर नाहि॥१॥

પાણિને પાળોરે પ્રત્યક્ષ સૌ કહે,
અંતે પાળો જાણો પાણિરૂપજો;
ઉપાધિ અનુભવીરે જીવ શિવ બે કહે,
વિના ઉપાધિ જીવ શિવ બ્રહ્મસ્વરૂપ જો. જીજ્ઞાસુ. ૬
ત્રણે પદ ટળતાંરે પરબ્રહ્મ પેખીએ,
નામ રૂપ ને ગુણ ત્રણનો નાશજો;
વસ્તૂમાં વિલસેરે આદ્ય મધ્ય અંતમાં,
ત્રણે કાલે આત્મા [illegible] અવિનાશજો. જીજ્ઞાસુ. ૭
શ્ર[illegible] મ[illegible] મનમાં ધરો,
નિદિધ્યાસે નીરખો સઘળે બ્રહ્મજો;
શિવાનંદ કહે વિશ્વ સકલ પરમાત્મા,
બ્રહ્મ વિના ઠાલો નહીં અણુ એક ઠામજો. જીજ્ઞાસુ ૮

ॐ

---

૬ મૃષા પુરૂષ માયાનો પૂત્ર, જીવ ઇશ્વર માંડયા બે સૂત્ર;
જીવેશ્વર કહાવે સંસાર, વિદ્યાં અવિદ્યા ચાલી લાર. ૧
કલ્પના માત્રજ કહીયે અજા, ત્યારે ખાણું તેની પ્રજા;
વસ્તૂ વિશે એકે નહીં દંદ, જે દીસે તે માયા ફંદ. ૨
અખો.

૭ ત્રણ પદ—अ उ ને म्; જાગૃત, સ્વપ્નને સુષુપ્તી, વિ-
રાટ, હિરણ્યગર્ભ ને ઇશ્વરપદ; વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ,

૮ **सुंदर साधन सब कीए, उपज्यो हिये बिचार;**
श्रवण मनन निदिध्यासन पुनि, याहि साधन सार ॥१॥
महात्मा सुंदरदास.

ॐ नमो भगवते गुरुदेवाय ॥

રાગ પ્રભાતી. મૂલદાસનું પદ. ૧

અનુભવાનંદ તે સંત અદ્વૈત છે, માન ઉદ્ધવ કહ્યું વચન મહારૂં;
વિષ્ણુ વચન સાખ શ્રુતિ [illegible]ા, [illegible]ત્વં તત્બ્રહ્મરૂપ તહારૂં. ટેક.
અનુ૦ ૧

અર્કની ઉપમા સંત શોભે સદા, તિવ્ર વૈરાગ્યથી તિમિર નાસે;
મહદ્ બુદ્ધિ બની માનુભવી સંતની, સેવતાં તે ભય શોક નાસે.
અનુ૦ ૨

કામ ક્રોધ લોભ મોહ લાગે નહીં, બ્રહ્મ ઉપાસના ભર્મ ભેદે;
શબ્દચક્ર સુદર્શને કરી, પાંચ પચીશના શીશ છેદે. અનુ૦ ૩

નેનમાં બેનમાં સંતમાં શ્રી હરિ, દીન થાય તેહનાં દર્દ શોષે;
સંતનો પ્રતાપ તે શું કહું તુજને, રત્ય આવે તેને રામ પોખે.
અનુ૦ ૪

---

૧ **तत्त्वंत्वंतत्-तत्त्वमसि** There is no difference between God and a realized soul.

૨ ચૈતન સૂર્ય અખા, જ્યાં કર્મ ન લાગે કાલ;
થાતું જાતું દેખીએ, પણ વસ્તુ સદા નિરાલ.

૩ દોષદ્રષ્ટી દુર્મતી નવ ટળી, તો શું કર્યું અખા કથા સાંભળી;

૪ સંતનો પ્રતાપ મોટો, રસના તે બાપડી શું કહે.
જેહને વીતશે તે જાણશે, અખો તો એટલું કહે;

અડસઠ તિર્થનું ફલ તે સંત સમાગમે, તિર્થના ફલનો તો પાર આવે;
સંત પરસે તેનો પાર પામું નહીં, ભણે મૂલદાસ મૂલ તોલ
તે માપ ના'વે. અનુ. ૫

---

૫ તીર્થ કોટી હરિજનને ચરણ, કૃપા હશે તે જાશે શરણ.
બારે કાલ હરિજનને હૃદયે, હરિ બોલાવે તે જન વદે;
હરિજન મુક્તિ આપે રોકડી, અખા નહીં ઉધારે પડી.

ૐ



રાગ પ્રભાતી. પદ ૨.

આદ્ય ૐકાર તે અનંતમાં એક છે, જૂજવા શબ્દને સર્વ સાધે,
મન બુદ્ધયે કરી બોધ કરે બહુ ભાતના, તેણે વૈખરી વાણીનું જોર વાધે.
આદ્ય૦ ટેક. ૧

તેજ ૐકાર ત્રિલોકમાં પરવર્યો, સુર અસુરને પશુ પ્રાણી;
આદ્ય નારાયણ ને અનંત બ્રહ્મા લગે, વિધિ નિષેધ ને વેદ વાણી.
આદ્ય૦ ૨

અકાર ઉકાર ને મકાર મેલીને, શુન્ય તે ૐકાર એમ જાણો;
ભક્ત ભગવાન ને વેદ શ્રુતિ વદે, તેહમાં ભેદ તે શું રે આણો.
આદ્ય૦ ૩

પરા પશ્યન્તિ મધ્યમા વૈખરી, ચાર વાણ કરી સરવ બોલે;
આદ્ય ને અંત તે એક અદ્વૈત છે, એમ શુદ્ધ જાણ્યા વિના ચિત્ત ડોલે.
આદ્ય૦ ૪

---

१ शब्दाक्षरं परंब्रह्म तस्मिन्क्षीणे यदक्षरम् ॥
तद्विद्वानक्षरं ध्यायेद्यदीच्छेच्छान्तिमात्मनः ॥ १ ॥

૨ ૐકારની ચાર માત્રા-अ, उ, म, ँ અર્ધમાત્રા.

ત્રિલોક રૂપે થયેલા ઈશ્વરના ચાર પાદ,-વિરાટ, હિરણ્ય-ગર્ભ, ઈશ્વર ને (સાક્ષિ.)

વાણીના ચાર પ્રકાર-પરા, પશ્યન્તિ, મધ્યમા ને વૈખરી.

3. There are four planes:-1 Material plane, अ
2. Mental plane 5 Intellectual plane म्
4. Spiritual plane ँ અર્ધ માત્રા શૂન્યાક્ષર.

૪ ઉત્તમ મધ્યમ સરવે ઈશથી, ભિન્ન ન જાણો કોય;
એતો આપે આપજ ઉલસ્યું, અખા તું પદ રહી જોય.

પિંડ બ્રહ્માંડમાં એક પરમાત્મા, શબ્દને પાર તે શબ્દ પોતે;
મૂલદાસ કહે મર્મ મૂલગો વિચારતાં, અન્ય બીજો નહીં એમ જોતે.
આદ્ય૦ ૫

રાગ. પ્રભાતી મૂલદાસનું પદ. ૩

કામ ક્રોધ લોભનો ડંખ લાગે નહીં, જનનો જોગ તે દૃઢ કહાવે;
અવિચલ ભક્તિ તે આદ્ય પુરૂષની, વિષય વિઘ્ન ત્યાં નિકટ નહાવે.
કામ ટેક. ૧

સિંહના ચરણને શીઆલ ગ્રાસે નહીં, આશરો મહારાજનો
એજ મોટો;
પ્રત્યક્ષ પ્રમાણ પરમાત્મા પરહરી, અન્ય ઉપાસવો એજ ખોટો.
કામ. ૨

---

५ शब्द पहुंचावे वस्तुकु, और शब्दसे पडीए जाल;
शब्दका घर अशब्दमें, अखा धाम विशाल.

॥ ॐ ॥

१ काम क्रोध वियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्म निर्वाणं ब्रह्म भूतोऽधिगच्छति ॥ १ ॥

२ यो वासुदेवं परित्यज्य, अन्यं देवमुपासते ।
तृषितो जान्हवी तीरे कूपं खनाति दुर्मतिः ॥ २ ॥

કેસરી બાલ તે ક્રીડા કરે વનમાં, વિચરે એકલું વાટ ઘાટે;
અન્ય મારૂત તેને મારી કોઇ નવ શકે, સરવનું દેખતાં ચિત્ત ફાટે.
કામ. ૩

ભૂતનો ભય તેતો બાલને ઉપજે, નરધીર તે ભય કેનો નવ આણે;
અકલ આરૂઢ એવું દાન મહારાજનું મૂલદાસ જુક્તિ કોઇ જન
જાણે. કામ. ૪

રાગ. પ્રભાતી મહાત્માશ્રી મૂલદાસજીનું પદ. ૪

સંત શુરવીર તે જાણુ સંસારમાં, ઓલખી આતમા આપ ટાળે;
હદના પદની વાટ વટી ગયા, પંચભુત પાર તે બ્રહ્મ ભાળે.
સંત ટેક. ૧

---

3. Majestic in the strength of silent power,
Serene he stands, nor changes not nor turns;
Patient and firm in suffering's darkest hour,
Time bends to him, death and doom he
spurns.

James Allen.

४ हरि मरे तो मैं मरु, नहितर मेरी मरे बलाय;
अविनाशीका चींटवा न मरे न मार्या जाय ॥ १ ॥
कबीर.

१ कबीरा हदमें हदमें सब चले, बेहद चले न कोय।
एकवार बेहद चले तो फिर जनम नव होय ॥ १ ॥

શબ્દના બાણુથી સંત ચમકે નહીં, ત્રિગુણુ રૂપી બહુ તીર છૂટે;
આપ મૂઆ વિના અંત આવે નહીં, નિમેષ નવ રહે કર્મકાળ ખૂટે.
સંત.

મેરૂ ડગે પણુ મન ડોલે નહીં, બુદ્ધિમાં બાપનો બોલ લીધો;
ગ્રેહ ને વૈરાગ્યમાં સુરતી સુંપી રહે, મૂલદાસ પાર પુગ્યા પછી પ્રેમ
પીધો. સંત. ૩

રાગ. પ્રભાતી મહાત્માશ્રી મૂલદાસજીનું પદ. ૫

ગ્રેહ ને વૈરાગ્ય જે જનને પ્રગટે, લક્ષ્ય સ્વરૂપમાં શુદ્ધિ લાગી;
આ લોક પરલોકના ભોગ ભાવે નહીં, જક્ત જીવનમાં જેની બુદ્ધ
જાગી ગ્રેહ૦ ટેક. ૧

---

૨. ચોટ સુહેલી શીલાકી, પડતે લેત ઉસાસ;
ચોટ સહે જો શબ્દકી, તો ગુરૂકા મેં દાસ.

૩ बिरह जगावे सुरतकु, सुरत जगावे जीव;
जीव जगावे पीवकु, यह जीव यह पीव ॥ १ ॥
कबीर.

૧. વિરહ વૈરાગ્ય જે તન પ્રગટેજી, રૂરૂમાંહિ તે હરિહરિ જપેજી;
સદ્ગુરૂ ચરણે આપોપુ અરપેજી, પરબ્રહ્મ રહેને પો: ખપેજી,
અખો.

મીથ્યા પ્રપંચને સંત માને નહીં, સંસારનાં સુખ તે સ્વપ્ન જાણે;
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ સમ થયું, અર્ક જેમ રાતનો અંત આણે.
પ્રેહ. ૨

વાસના જોગથી અગ્નિ જેમ પ્રગટે, દેખતા વન તે સર્વ દાઝ્યું;
તેમ પ્રેહને વૈરાગ્ય જેના અંગમાં ઉપન્યો, ઓલખી આતમા
આપ ખાધું પ્રેહ.

અજ્ઞાનનાં બીજ તે બ્રહ્મ અગ્નિમાં બળ્યાં, વિશ્રામ પામ્યું મન
શાંતિ ઉઠા;

મૂલદાસ કહે માત્રા એક નવ ઉગરી, અચાનક લાય થઇ ઘર ઉઠી.
પ્રેહ. ૪

પદ ૭.

પ્રજ્ઞાનમાનંદં બ્રહ્મ મહાવાક્ય, ૠગ્વેદ એમ બોલે છે;
શુદ્ધ મુમુક્ષુને સમજાવીને, તેના અંતરપટને ખોલે છે. **પ્રજ્ઞાનં. ટેક.**

---

૨. આઠો પહોર એસા રહે, કબહુ નાંચે ગજ્ઞાન;
જાગૃતમેં સુષુપ્તિ અખા, ચારૂ એક સમાન.

३ आत्मानमरणीं कृत्वा प्रणवं चोत्तरारणीम् ।
ध्याननिर्मथनाभ्यासात्पाशं दहति पंडितः ॥ १ ॥

૪ ઘર જારે ઘર ઉબરેરે, ઘર રાખે ઘર જાય;
હમને હમારા ઘર જલાયા, તો લીયા મુરાડા હાથ.
સંતો ભાઈ, રામ રસ અસા હૈ મેરે ભાઇ;
સાહિબ રસ મીઠા હૈ મેરે ભાઇ. **કબીર.**

1- God is knowledge and bless.

જેણે કરીને જોવાય, સુગંધ લેવાય; બોલાય સંભળાય છે;
પ્રત્યક્ષ સૌનો સ્વાદ ઓળખે, તે આત્મા કહેવાય છે. **प्रज्ञानं** ૨
તે તે કોણ જે **अहं ब्रह्माऽस्मि** યજુર્વેદ એમ બોલે છે;
સાધન સંપન્ન અર્થ ઓળખે તેને સમજીને ચિત્તમાં રાખે છે.
प्रज्ञानं ૩

વળી દઢ કરવા **तत्त्वमसि**, એમ સામવેદ સમજાવે છે;
तत्त्वं પદનો અર્થ એક તે, **असि** પદમાં ઓલખાવે છે.
प्रज्ञानं ૪

અથર્વવેદ કહે **अयमात्मा** અપરોક્ષ કરીને આપે છે;
અધિકારીને રાજ બેસારીને, તેને અમલ કરી સ્થિર સ્થાપે છે.
प्रज्ञानं ૫

---

2. It is the self, through whose existence all the senses exist and work.

૩. **अहंब्रह्म** છે શબ્દ વિના, તે જાણે અખા વેત્તા આપના.

૪. **तत् पद**—ઇશ્વરવાચક. **त्वं** પદ જીવવાચક. **असि** પદ એ બેના અભેદ વાચક—બ્રહ્મવાચક છે.

જીવનું જીવપણું—એ અવિદ્યા, અજ્ઞાન, અલ્પજ્ઞતા, પરાધીનતા, પરિચ્છિન્ન દેહાભિમાન; ને ઇશ્વરનું ઇશ્વરપણું—વિદ્યા, માયા, સર્વજ્ઞતા, સ્વતંત્રતા સમષ્ટી અભિમાન; આ બેમાંથી તેમની બને ઉપાધિનો ત્યાગ કરવામાં આવે તો બંને એક બ્રહ્મરૂપ નિર્ગુણ નિષ્કલ, નિષ્ક્રિય, નિશ્ચલ, શાન્ત સ્વરૂપ બને.

૫. સાધન સંપન્ન (ચતુષ્ટય સાધન) અધિકારી મહાવાક્યોના બોધથી સ્વરૂપે થાયછે ને **साम्राज्यं स्वराज्यं** એ પદને પામે છે.

એવા નીજ સ્વરૂપને ભુલ્યો જીવ તે, સદ્દગુરૂ પ્રતાપે પામે છે;
સાક્ષિ અનુભવાનંદ ઓળખે તેના, જન્મ મરણ ભય વામે છે.

પ્રશાનં ૬

---

૬. સદગુરૂને સેવેરે, તો નીજ રૂપ જડે;
પંડમાં છે પોતેરે, જોતો ફરે જેને.

પ્રીતમદાસ.

ॐ



શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય કૃત,

જ્ઞાન ગીતા.

અને

રાજ્યનગરના આધુનીક મહાત્મા શ્રી

સર્યૂદાસજી મહારાજનું જીવન ચરિત્ર.

ઇંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત ટીકા સાથે.

પાકુ પુઠું કીંમત ૦-૯-૦ પોષ્ટેજ જુદું. કાચુ
પુઠું કીંમત ૦-૭-૦

ઠેકાણું-પ્રભુલાલ જેઠાલાલ પરીખ.
અમદાવાદ માંડવીની પોળ-ગતરાડની પોળ.

બ્રહ્મજ્ઞાન ગોષ્ઠી અથવા પરમભક્ત શ્રી પ્રહ્લાદજી અને ગુરૂ દત્તાત્રેયનો સંવાદ.

કવિતા રૂપે ઉપર મુજબ ઇંગ્રેજી ગુજરાતી ને સંસ્કૃત
ટીકા સાથે—કીંમત ૦-૩-૦

ઠેકાણું. માસ્તર વીધારામ ગલાભાઇ.
મુ. મોગરી. તાલુકો—આણંદ.

જાહેર ખબર.

સસ્તુસાહિત્ય—દર વરસે ૧૫૦૦ પાનાંની બુકો ફક્ત ૧–૮ માં આપે છે. **આ વ્યવસ્થા** મહાત્મા શ્રી અંખંડા જે કેવળ પરમાર્થ ખાતર લોકોને સસ્તુ સાહીત પુરૂ પાડવા : કરે છે. વાચનના શોખીનોએ ફક્ત આ સાહીતના ગ્રાહક થ

સસ્તુ કાર્યાલય.—મુ. અમદાવાદ.

જીજ્ઞાસુ—દરમાસે નિયમસર નિકળતું માસીક દર પપ માત્ર ૦–૮–૦ આઠ આનામાં મળે છે. ને સરળ ભાષામાં ટુંકા ખર્ચમાં ઉત્તમ ઉપદેશ આપે છે માત્ર પરમાર્થ ખાતર આ માસીક. નીકળે છે.

જીજ્ઞાસુ ઓફીસ–ભાવનગર.

આરોગ્યની કુંચી–કિંમત રૂ.૧–૦–૦.

વ્યાધી હજાર પણ ઔષધ બાર.

લખો:—

સી. જી. ગાંધી.

માંડવીની પોળ—અમદાવાદ.